## કલેઈમ કેસ નં.–૩૫ /૨૦૨૨ ના કામે આંક–૧ તળે હુકમ

રેકર્ડ ઉપરની બાબતનો જોતા વાહન અકસ્માતમાં અરજદારના વાહનને નુકશાન થયેલ હોવા બાબત, ફરીયાદી થયેલ છે અને તે સબંધે ગુનો નોંધાયેલ હોવા બાબત રેકર્ડ પર છે. માત્ર વાહનને થયેલ નુકશાનીના અંદાજ બાબતે તકરાર હોય તેવો કેસ છે. વિમા કંપની તરફે વાહનની નુકશાની સબંધે તેઓની કંપની કયુ સ્ટેન્ડ લે છે તથા તેઓના અંદાજ મુજબ ખરેખર નુકશાની શું હોય શકે, તે બાબત જ મહત્વની તકરાર રહેતી હોય તેવો આ કેસ છે, તે સંજોગોમાં સબંધીત વીમા કંપનીના જવાબદાર અધીકારીને ફેર મુદત તારીખ– ૦૨/૦૮/૨૦૨૪ ટ્રીબ્યુનલ રુબરુ હાજર રહેવા સબંધીત કંપનીના નોડલ ઓફીસર મારફતે, સબંધીત વીમા કંપનીના નોડલ ઓફીસરના ઓફીશ્યલ ઈ–મેઈલ આઈ.ડી .ઉપર તથા કંપનીના રજીસ્ટર ઈ–મેઈલ આઈ.ડી.ઉપર નોટીસ મોકલવા હુકમ કરવામાં આવે છે.

વિમા કંપનીના હાજર વિ.વ.શ્રીએ પણ આ હુકમની નોંધ લઈ જવાબદાર અધીકારીને હુકમની જાણ કરવી.

હુકમ સી.આઈ.એસ.સીસ્ટમમાં અપલોડ કરવો.

હુકમ આજરોજ તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
એમ.એ.સી.ટી.(મેઈન)
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)